# સે-૧૬ દેના બેંક સામે ધોળે દિવસે મહિલાનો દોરો ખેંચાયો

## ઘ-રોડ પર સે-૩ ન્યુમાં રહેતુ દંપતી ચાલતું જઈ રહ્યું હતું : બે ચેઈન સ્નેચર્સ બાઈક પર આવ્યા હતા

ગાંધીનગર, તા.૧૨

શહેરના સેકટર-૩-ન્યુમાં રહેતું એક દંપતી સેકટર-૧૬ દેના બેંકની સામે ઘ-માર્ગ પર આજે બપોરના સુમારે ચાલતુ જઈ રહ્યું હતું ત્યારે બાઈક પર ડબલ સવારી આવેલા ચેઈન સ્નેચર્સએ મહિલાના ગળા પર હાથ મારી તેણીએ પહેરેલો સોનાનો ૨૫ હજારની કિંમતનો દોરો આંચકી લીધો હતો. ચેઈન સ્નેચીંગ કરીને બાઈક બેફામ ગતિએ ભગાવી બંને શખ્સો પળવારમાં રફફુચક્કર થઈ ગયા હતા. સે-૨૧ પોલીસે મહિલાની ફરિયાદને આધારે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ સેકટર-૩-ન્યુ પ્લોટ નં. ૫૮/૧ ખાતે રહેતા કોકીલાબેન કાંતિલાલ શ્રીમાળી તેમના પતિ સાથે આજે બપોરે સવા બે વાગ્યાના અરસામાં ચાલતા જઈ રહ્યા હતા તે દરમિયાન બાઈક પર બે શખ્સો તેમની નજીક આવ્યા અને કોકીલાબેનના ગળાને નિશાન બનાવી હાથ મારીને ગળામાં પહેરેલો એક તોલા વજનનો રૂ. ૨૫ હજારની કિંમતનો સોનાનો દોરો ખેંચી લીધો હતો. ચેઈન સ્નેચીંગ કરીને ભાગેલા બંને શખ્સોને પકડવા મહિલાએ બુમાબુમ કરતાં આસપાસનાં વેપારીઓ તથા રાહદારીઓ દોડી આવ્યા હતાં જો કે ત્યાં સુધીમાં બંને શખ્સો ફરાર થઈ ગયા હતા. કોકીલાબેનની ફરિયાદને આધારે સે-૨૧ પીએસઆઈ સી.બી. ચૌહાણે ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

# ગાંધીનગરમાં સાયકલ ચોરીની ઘટનાઓનું પ્રમાણ વધ્યું

## સાયકલ ચોરીની ફરિયાદ નોંધાવા જનારને ઉપેક્ષાનો ભોગ બનવું પડતું હોવાથી લોકો ફરિયાદ નોંધાવતા સંકોચ અનુભવે છે : લોકો ફરિયાદ ના નોંધાવતા હોવાથી સાયકલ ચોરોને ખુલ્લુ મેદાન મળ્યુ : લગભગ દર અઠવાડીયે નગરમાં એકાદ સાયકલ ચોરાય છે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર એ રાજયનું હરિયાળુ પાટનગર છે જે તેના પહોળા રાજમાર્ગો અને રહેણાંક વિસ્તારોની આસપાસ ખુબ જ ખુલ્લી જગ્યાઓના કારણે તેનું આયોજન વખણાય છે. આ કારણે નગરમાં રહેનાર દરેક વ્યકિતને નાના મોટા કામ માટે થોડુ અંતર કાપવું પડતું હોય છે જે માટે સાઈકલ એ ખુબ જ ઉપયોગી અને કિફાયતી સાધન હોવાથી તેનો બહોળો ઉપયોગ થાય છે. નગરજનો દ્વારા સાયકલના વિશેષ ઉપયોગને કારણે નગરનું પર્યાવરણ ખુબ સારી રીતે જળવાય છે પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી ગાંધીનગરમાં સાયકલની ચોરીની ઘટનાઓ વધી જવા પામી છે. જો કે સાયકલ ચોરાતા થતું આર્થિક નુકશાન મોટું ન હોવાથી લોકો ફરિયાદ નોંધાવા જતા સંકોચ અનુભવે છે.

આગામી સમયમાં નગરની સ્વચ્છતા અને પર્યાવરણ આવું જ જળવાઈ રહે, લોકોના સ્વાસ્થ્ય પણ સુધરે અને ટ્રાફિકની સમસ્યામાં પણ રાહત મળી રહે તે હેતુથી સરકાર દ્વારા પણ સાયકલ શેરીંગનો પ્રોજેકટ અમલ મુકવાની તૈયારીઓ કરાઈ રહી છે. ગાંધીનગરને સાયકલ સાથે ખુબ જુનો નાતો છે જે આજ સુધી જળવાયો છે. પરંતુ આજકાલ નગરમાં સાયકલ ચોરીના વધી ગયેલા બનાવોના કારણે નગરજનો ચિંતિત બન્યા છે. લગભગ દર અઠવાડીયે નગરમાં સાયકલ ચોરીની ઘટના બને છે અને સાયકલ ચોરીની પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા જનાર વ્યકિતને ઘણી વાર ઉપેક્ષાનો ભોગ બનવું પડતું હોઈ નગરજનો ફરિયાદ કરવાનું પણ ટાળી રહ્યા છે. જો કે સાયકલનું અન્ય સાધન જેમ કે સ્કુટર કે બાઈકની જેમ રજીસ્ટ્રેશન થતું ન હોવાથી તેની તપાસ પણ પોલીસ માટે મુશ્કેલ ભરી હોય છે અને સાયકલ પરત મળવાના ચાન્સ ઓછા હોવાથી આ ઘટનાઓ પ્રત્યે ઉપેક્ષા પેદા થવી સંભવ છે. જો કે આ ઉપેક્ષાના કારણે સાયકલ ચોરોને જાણે છુટો દોર મળી ગયો હોય તેવું લાગે છે અને ધીમે ધીમે નગરમાં સાયકલ ચોરીનું દુષણ હવે વધતું જાય છે.

ગાંધીનગરના પથિકાશ્રમ એસટી ડેપો પાસેના પાર્કિંગ, વીટકોસ સીટી બસ સ્ટેન્ડ પાસે, જુના સચિવાલય, ઘ-૬, ઘ-૬, ગ-૨, સે-૧૬ અને ૧૧માં આવેલ કોમર્શિયલ વિસ્તારોના પાર્કિંગ, શાળા અને અન્ય શૈક્ષણિક સંકુલોના પાર્કિંગ, સેકટરોમાં રહેઠાણોમાં ખુલ્લામાં થયેલા પાર્કિંગ વગેરે જેવી અનેક જાહેર જગ્યાએથી દર અઠવાડીયે એકાદ બે સાયકલ ચોરીના બનાવ બની રહ્યા છે. સાયકલ ચોરીની ફરિયાદ કરવા બાબતે લોકોની ઉદાસીનતાને કારણે સાયકલ ચોરો હવે વધુ બિન્દાસ્ત બનતા જાય છે. જો આ પરિસ્થિતિ ને સમયસર કાબુમાં નહીં લેવામાં આવે તો નગરમાં સાયકલનું પ્રમાણ ઘટી જશે જેની અસર પર્યાવરણ ઉપરાંત ટ્રાફિક અને અંતે લોકોના સ્વાસ્થ પર પણ પડશે. આ ચોરીને ડામવા પોલીસે તો સતર્ક થવાની જરુર છે જ પરંતુ સાથે સાથે સાયકલ માલિકોએ પણ સાવધ રહી સાયકલ પાર્કિંગ વખતે સુરક્ષાના સાધનો વાપરવાની તાતી જરુર છે.

### સરકારની સાયકલ પણ સલામત નથી

ગાંધીનગરમાં સાયકલ ચોરોએ સરકારી સાયકલને પણ છોડી નથી. તાજેતરમાં જ તા. ૧૦મી ઓકટોબરે જુના સચિવાલય ખાતે બ્લોક નં. ૧૬ના પાર્કિંગમાંથીએક સરકારી સાયકલ ચોરાઈ હતી. આ સાયકલ આ જ બ્લોકમાં કલાર્ક તરીકે નોકરી કરતા રાજેશકુમાર કાંતિભાઈ પરમાર (રહે. ૧૬, હસિધ્ધનગર, સે-૨૪)ને સરકાર તરફથી ટપાલ લેવા મુકવા જવા માટે આપવામાં આવી હતી. હરકયુલસ કંપનીની આશરે ૨૦૦૦ રૂપિયાની કિંમતનીઆ સાઈકલ ધોળા દિવસે ૧૦થી ૬ વાગ્યા દરમિયાનમાં ચોરાઈ છે. આ સરકારી સાયકલ હોવાથી તેની ફરિયાદ સે-૭ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે અને હેડ કોન્સ્ટેબલ ચંદુભાઈ તેની તપાસ ચલાવી રહ્યા છે. હવે જો સરકારની પોતાની સાયકલો જ જો સલાત ના હોય તો સામાન્ય નાગરિકોનું તો પુછવું જ શું? આ સવાલ દરેક કર્મચારી અને નગરજનોના મનમાં રમી રહ્યો છે.

# અડાલજ-દહેગામની મોબાઈલ શોપ પર ટી-સીરીઝના દરોડા

## કોપી રાઈટ એકટનો ભંગ કરી ડાઉનલોડીંગ કરતા અડાલજનાં ત્રણ વેપારીઓ અને દહેગામના વેપારી સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લામાં પાઈરેટેડ સીડીઓથી માંડીને કોપી રાઈટ ડાઉનલોડીંગ ખુબ મોટા પાયે બેફામ થઈ રહ્યું છે. મોબાઈલની નાનામાં નાની દુકાનમાં પણ કોપીરાઈટ સોંગ-વિડીયો ડાઉનલોડીંગ કરી આપવામાં આવે છે. જેને પગલે બે દિવસથી ટી-સીરીઝની ટીમે ગાંધીનગરમાં દરોડા શરુ કરી દીધા છે. અડાલજમાં મોબાઈલ શોપ પર દરોડો પાડી ત્રણ જણ સામે તથા આજે દહેગામમાં દરોડા પાડી વેપારી સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

અમદાવાદ વસ્ત્રાલ વિસ્તારમાં રહેતા અને ટી સીરીઝ કંપની માટે કામ કરતાં પ્રકાશભાઈ રાજેન્દ્રભાઈ ગોસ્વામી તથા તેમની ટીમ સાથે પોલીસની ટીમને જોડે લઈને દરોડા પાડી રહી છે. ગઈ કાલે અડાલજ વાવ પાસે હિંગરાજ મોબાઈલ શોપમાં દરોડો પાડી કોપી રાઈટ મુવી-સોંગ અને વિડીયો ડાઉનલોડ કરનાર ત્રણ વેપારી સામે કાયદેસરની કાર્યવાહી કરી છે. લેપટોપ-સીપીયુ સહિત ૬૪ હજારનો મુદ્દામાલ જપ્ત કરીને દુકાનમાલિક અડાલજના પ્રકાશ ડાહ્યાજી પુરોહીત, ઉવારસદના ધર્મેશ હાડમાજી દેવાંશી અને અડાલજના અશોક રાજપુરોહીત સામે ગુનો દાખલ કર્યો છે. આજે દહેગામ ખાતેની મોબાઈલ શોપ પર દરોડો પાડી વેપારી સામે કાર્યવાહી શરુ કરી હોવાનું જાણવા મળ્યું છે. બે દિવસમાં બે મોબાઈલ શોપ પર દરોડા પાડતા ડાઉનલોડીંગ કરતાં દુકાનદારોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.



પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વના રાજયોગીની કૈલાશદીદીની આગેવાનીમાં ગૃપે નવ નિયુક્ત અધ્યક્ષ ગણપતભાઈ વસાવાની શુભેચ્છા મુલાકાત લીધી હતી. અધ્યક્ષનું પુષ્પગુચ્છ આપી અભિવાદન કર્યું હતું. અને ઈશ્વરીય સૌગાત ભેટ આપવામાં આવી હતી. તેમજ આગામી સમયમાં આબુમાં યોજાનાર ઈન્ટરનેશનલ કોન્ફરન્સ કમ કલ્ચરલ ફેસ્ટિવલ કાર્યક્રમમાં પધારવા આમંત્રણ પાઠવ્યું હતું.

# ફોર્મ ઓનલાઈન ભરાઈ રહ્યા છે ત્યારે જ નેટ નથી

## ગ્રામિણ વિસ્તારમાં વિદ્યાર્થીઓ અટવાયા : ઈન્ટરનેટ કનેકશનનો કરાર પૂરો થતા ગ્રામીણ વિસ્તારોની શાળાઓની હાલત કફોડી : વિદ્યાર્થી માટે મુશ્કેલી સર્જાઇ

અમદાવાદ, તા.૧૨

સ્કુલ ઓફ કમિશ્નર દ્વારા રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને અપાયેલા ઈન્ટરનેટ કનેક્શનની અવધી પુરી થઈ જતાં ઉઘડતા વેકેશને જ સ્કુલોને ઓનલાઈન વહીવટની સમસ્યા ઉભી થઈ છે. શાળાઓને આ સુવિધા આપનાર એજન્સી સાથેનો સરકારનો કોન્ટ્રાક્ટ ઓકટોબર માસમાં પુરી થઈ જતાં આ પ્રશ્ન ઉભો થયો છે. શાળામાં અત્યારે બોર્ડની પરીક્ષાના ફોર્મ ભરવામાં આવી રહ્યા છે ત્યારે ઈન્ટરનેટ કનેકટીવીટીનો અભાવ વિકટ પરિસ્થિતિ સર્જી રહ્યો છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્ય સરકાર અને બોર્ડ દ્વારા શિક્ષણનું કોમ્પ્યુટરીકરણ કરવા રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો કોમ્પ્યુટરો, પ્રોજેક્ટર અને એલસીડી ટીવી આપી પાંચ વર્ષ સુધી વિનામુલ્યે ઈન્ટરનેટ કનેકશન આપવાની વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી. જે અંતર્ગત માધ્યમિક શિક્ષણ બોર્ડ જાહેર પરીક્ષાનો વહીવટ પણ ઓનલાઈન કરી દેવામાં આવ્યો હતો ત્યારે ગ્રામ્ય વિસ્તારોમાં શાળાઓને કોમ્પ્યુટર અને નેટ સેવા આપવાની એનઆઈઆઈટી એજન્સી સાથેનો સરકારનો કોન્ટ્રાક્ટ પુરો થઈ ગયો છે. શહેરી વિસ્તારમાં કાર્યરત આઈએલ એન્ડ એફએસ એજન્સીનો કોન્ટ્રાક્ટ પણ પુરો થવાની તૈયારીમાં છે. જો કે શહેરોમાં કેબલ કનેક્શનના નેટવર્કને કારણે ઈન્ટરનેટની કનેકટીવીટીનો સવાલ શાળાઓને નડે તેમ નથી.

જો કે ગામડાઓમાં ઈન્ટરનેટના કનેકશનનો પ્રશ્ન ઉત્પન્ન થવા પામ્યો છે. આ ઉપરાંત શાળાઓએ ઈન્ટરનેટ કનેક્શનનો ખર્ચ પણ જાતે ઉઠાવવાનો વખત આવ્યો છે.

## જલારામ મંદિરે સુંદરકાંડ પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

સેક્ટર-૨૯માં આવેલ જલારામ મંદિરના ૧૯મા પાટોત્સવ નિમિત્તે સુંદરકાંડ પાઠ યોજવામાં આવશે. કારતક વદ-૧૩ તા. ૨૦ નવેમ્બરના રોજ રાત્રે ૮.૦૦ વાગે જલારામ મંદિર ખાતે પ.પૂ. ગુરૂજી અશ્વિનકુમાર પાઠકના શ્રીમુખે સંગીતમય સુંદરકાંડપાઠ યોજાશે. સુંદરખાંડ પાઠમાં ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહેવા જલારામ સેવા સમાજે આમંત્રણ પાઠવ્યું છે.

## બ્રહ્મભટ્ટ સમાજનું સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર બ્રહ્મભટ્ટ સમાજનો સ્નેહમિલન સમારોહ યોજવામાં આવશે. આગામી તા. ૧૬ નવેમ્બર, રવિવાર સવારે ૯.૩૦ વાગે ટાઉનહોલ સામેની લોનમાં યોજવામાં આવશે. સ્નેહમિલન સમારોહમાં જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

## આર.સી. પટેલ સ્કૂલના વિદ્યાર્થીઓએ વન્ડર ઓફ વાઈલ્ડનેસનો લાભ લીધો

બાળકોના શારીરિક અને માનસિક ઘડતરના ભાગ સ્વરુપે આયોજિત કેમ્પમાં અગવડ વચ્ચે પોતાની જાતનું ઘડતર કેવી રીતે કરવું તે શીખવવા માટે ડબલ રોપ ક્રોસીંગ, રેપલિંગ, કેમ્પફાયર સાથે વિદ્યાર્થીઓમાં રહેલ સુષુપ્ત કૌશલ્ય બહાર લાવવું, વિપરીત પરિસ્થિતિઓ વચ્ચે માનસિક સંતુલન જાળવવા શીખવતા આ કેમ્પમાં આચાર્યશ્રી ચીનુભાઈ પટેલ સહિત અગિયાર શિક્ષક મિત્રોએ ભાગ લીધો હતો.

# શિયાળામાં સૌને પ્રિય કચરીયાંની તલ ઘાણીઓ ધમધમી

## કાજુ-બદામ, ગોળ, સુંઠ, ગંઠોડા, મગસ્તરી, ખસખસથી ભરપૂર કચરીયાંની વધુ માંગ : તલના તેલની પણ માંગ વધી

ગાંધીનગર, તા.૧૨

ઋતુ ચક્ર પ્રમાણે શિયાળાનો પ્રારંભ થઇ ચુકયો છે. રાત્રીના સમયે તેમજ વહેલી સવારે ઠંડીનું પ્રમાણ જામી રહ્યું છે. પરંતુ દિવસ દરમિયાન હજુ ઠંડી જોર પકડતી નથી. આમ છતાં શિયાળામાં ઉપયોગી ચીજ વસ્તુઓના વેચાણના ધંધા શરુ કરી દેવાયા છે. જેમાં શિયાળાની લોકપ્રિય ખાદ્યચીજ કચરીયું બનાવતી તેલ ઘાણીઓ નગરમાં કાર્યરત થઈ જવા પામી છે. વિવિધ પ્રકારના ગરમ મસાલાઓ સાથે સફેદ અને કાળા તલના કચરીયાં બનાવીને વેચાણમાટે મુકવામાં આવ્યા છે.જો કે હજુ ઠંડીનું પ્રમાણ ઓછું હોવાથી માંગમાં તેજી જણાતી નથી. શિયાળાના આ ફળદ્રુપ ખોરાકના રસીયાઓએ તેનો સ્વાદ માણવાનું ચાલી કરી દીધું છે.



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

શિયાળામાં પૌષ્ટિક અને પુરતો આહાર લેવાથી શરીર આખુ વર્ષ તંદુરસ્ત રહે છે તેવું વડીલો કહેતા આવ્યા છે. જેથી શિયાળામાં તમામ પ્રકારના શાકભાજી, સુકો મેવો તથા ગરમ પદાર્થોનું સૌથી વધુ સેવન લોકો દ્વારા કરવામાં આવે છે. ઠંડીમાં પાચન ક્રિયા ઝડપથી થતી હોવાથી અને ગરમ પદાર્થોના સેવનથી શરીરમાં ગરમાવો જળવાઈને લોહી શુધ્ધ થતું હોવાની પણ ચર્ચાઓ થતી હોય છે. આથી શિયાળાના પ્રારંભે જ શિયાળામાં ઉપયોગી ચીજવસ્તુઓનું વેચાણ શરુ થઈ જાય છે. જેમાં તલને ઘાણીમાં કચડીને બનાવાતું કચરીયું એ તમામ વર્ગના લોકોમાં પ્રિય વસાણુ બન્યું છે અને તલનું તેલ તો તેટલું જ ઉપયોગી ગણાય જ છે.

નગરમાં શિયાળાની ફુલ ગુલાબી ઠંડીની શરૂઆતથી જ તલની ઘાણીઓ કાર્યરત થઈ ગઈ છે. દસથી પંદર ટકાના આ વખતના ભાવ વધારા છતાં કચરીયાની માંગ યથાવત રહેશે તેવું વેપારીઓનું માનવું છે. સફેદ અને કાળા તલના એમ બે પ્રકારના કચરીયા બજારમાં મળી રહ્યા છે. જેમાં કાજુ, બદામ, ગોળ, સુંઠ, ગંઠોડા, મગસ્તરી, ખસખસ અને કોપરાંથી ભરચક કચરીયાના ભાવ ઊંચા હોય છે જયારે ફક્ત ગોળ અને તલ મિશ્રીત કચરીયું નીચા ભાવે મળે છે. છતાં સામાન્ય અને મધ્યમ વર્ગને પોસાય તેવો આ શિયાળાનો પૌષ્ટિક આહાર સૌ કોઈ હોંશે હોંશે આરોગે છે. આ સાથે તલ અને મગફળીની ચિક્કી, દાળીયાંની ચીક્કીનું વેચાણ પણ સારા પ્રમાણમાં રહે છે. નાના મોટા સૌ કોઈ કચરીયાંનો સ્વાદ માણે છે. કડકડતી ઠંડીમાં કચરીયાની માંગ ખુબ જ રહેતી હોઈ તેલઘાણી ધારકોએ પુરતો સ્ટોક કરી લીધો છે.જો કે નવેમ્બરના આખર તેમજ ડીસેમ્બરની શરૂઆતથી ઠંડી પોતાનો અસલી મિજાજ બતાવશે તેવો આશાવાદ દેખાઈ રહ્યો છે. ઠંડીને સૌ કોઈ શ્રેષ્ઠ ઋતુ તરીકે આવકારે છે.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૩
સૂર્યાસ્ત : ૫.૫૫

### તાપમાન

મહત્તમ : ૩૩.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૧.૫ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૫૯ ટકા ● સાંજે ૪૮ ટકા

### મનોરંજન

**સીટી પલ્સ**

: સ્ક્રીન-૧ :
હેપ્પી ન્યુ ઈયર : ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
સુપર નાની : ૧૨.૪૫, ૩.૩૦, ૧૦.૦૦
રોર : ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
ફુરી (અંગ્રેજી) : ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૩૦

: સ્ક્રીન-૪ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
રોર : ૧.૩૦, ૧૦.૦૦
હૈદર : ૪.૦૦
કરંટ તીગા (તેલુગુ) : ૭.૦૦

: સ્ક્રીન-૫ :
સુપર નાની : ૧૨.૪૫, ૬.૪૫ ● રોર : ૩.૪૫
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦

: સ્ક્રીન-૬ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૩૦ ● રોર : ૧૦.૦૦
સુપર નાની : ૬.૩૦
હૈદર : ૪.૦૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
ધ શૌકિન્સ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૨ :
રંગરસીયા : ૧૦.૧૫, ૧.૧૪, ૪.૧૫. ૭.૧૫, ૧૦.૧૫
રોર : ૧.૩૦, ૭.૩૦

સ્ક્રીન-૩ :
હેપ્પી ન્યુઈયર : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૧૦.૦૦

### આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દ્રઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. આર્થિક ચિંતનનો વિશેષ યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ચિંતનનો યોગ. વિશેષ કાર્યોમાં યાત્રા પ્રવાસનું આયોજન થશે.

**કન્યા** : ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ઘરમાં મહેમાનનું આગમન થઈ શકે છે.

**તુલા** : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

**મીન** : મિત્ર વર્ગ, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે.

### ચિરવિદાય

● જવાનજી ખોડાજી રાઠોડ, (ઉ.વ.૬૫) મુ. આલમપુર, તા.જી.ગાંધીનગર